# ગોઝારિયા કૉલેજમાં યાત્રા-પ્રવાસ સાહિત્યમાં માનવસંવેદના વિશે રાષ્ટ્રીય સેમિનાર

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારિયાના સંયુક્ત ઉપક્રમે “હિન્દી-ગુજરાતી યાત્રા-પ્રવાસી સાહિત્યમાં માનવીય સંવેદના” વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન તા. 27/09/2022ના રોજ શ્રી ગોઝારિયા કેળવણી મંડળના પ્રમુખશ્રી કે.કે.પટેલના અધ્યક્ષ સ્થાને કરાયું હતું. પરિસંવાદની ઉદ્‌ઘાટન બેઠકમાં ઉપસ્થિત અતિથિ વિશેષશ્રી બિરસા મુંડા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડૉ. મધુકર પાડવીએ પ્રાસંગિક અનુરૂપ ઉદબોધન કર્યું હતું.  મુખ્ય વક્તા ડૉ. સંજય ચૌધરીએ જાણીતા સર્જકોના પ્રવાસનિબંધો ઉપરાંત તેમના પ્રવાસગ્રંથ 'ગિરનાર'માં નિરૂપિત રસપ્રદ પ્રસંગોની સુંદર સફર કરાવી હતી અને ડૉ. યશોધર રાવલે ગુજરાતી પ્રવાસનિબંધની સમૃદ્‌ધિનો રસપ્રદ ચિતાર સાથે પ્રવાસ નિબંધોમાંથી રમણીય ઉદાહરણો આપીને વ્યાખ્યાનને રસપ્રદ બનાવ્યુ હતું. પ્રથમ બેઠકના વક્તા પ્રોફ. ડૉ. બી. કે. કલાસવાએ મોરિશસનાં પ્રેમચંદ ડૉ. અભમન્યુ અનત વિશે અને ડૉ. અજયસિંહ ચૌહાણએ ગુજરાતી અને હિન્દી યાત્રા-પ્રવાસી સાહિત્યની તુલના કરતાં ભોળાભાઈ પટેલ અને હિન્દીના રાહુલ સાંકૃત્યાયનનાં સાહિત્ય વિશે ગુઢાત્મક ચર્ચા કરી હતી. ડૉ. અજય પટેલે બંને વકતાઓના વિષય પ્રત્યે ઊંડાણપૂર્વક ચર્ચા કરી. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ શાબ્દિક સ્વાગત અને સેમિનારની પૃષ્ઠભૂમિ હિન્દી વિષયના સંયોજક ડૉ. સોમાભાઇ પટેલે કરી હતી. સમગ્ર પરિસંવાદનું સુચારુ સંચાલન ગુજરાતી વિષયના સંયોજક ડૉ. ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ અને આભારદર્શન હિન્દી વિભાગના અધ્યાપક ડૉ. દિપક સોંદરવાએ કર્યું હતું.  બીજી બેઠકમાં ડૉ. ઉત્તમ પટેલ, ડૉ. અર્જુન તડવી, ડૉ. ભરત પટેલ, ડૉ. બિપિન ચૌધરી, ડૉ. ઋષિકેશ રાવલ, ડૉ. રાજેશ મકવાણા અને ડૉ. પ્રભુદાસ પટેલે વિષયનારૂપ ચર્ચા કરી હતી. શોધપત્રની બેઠકમાં પીએચ.ડી. કરી રહેલા વિદ્યાર્થીઓ અને જુદી જુદી કોલેજોના ગુજરાતી અને હિન્દી વિષયના અધ્યાપકો મળીને **175** જેટલા સાહિત્યરસિકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો જેમાં **42** જેટલા શોધપત્રો રજૂ થયા હતાં.









# ગોઝારિયા કૉલેજમાં યાત્રા-પ્રવાસ સાહિત્યમાં માનવસંવેદના વિશે રાષ્ટ્રીય સેમિનાર























# ગોઝારિયા કૉલેજમાં યાત્રા-પ્રવાસ સાહિત્યમાં માનવસંવેદના વિશે રાષ્ટ્રીય સેમિનાર


























# ગોઝારિયા કૉલેજમાં યાત્રા-પ્રવાસ સાહિત્યમાં માનવસંવેદના વિશે રાષ્ટ્રીય સેમિનાર










